મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી પ્રથમ ઉચ્ચત્તર
પગારધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક: આઈસીડી/૧૨૨૦૨૧/૨૨૮૮/બ-૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૧/૧૧/૨૦૨૧

વંચાણે લીધા :

1) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૪/મ, તા.૧૬/૮/૧૯૯૪
2) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૯૮/૪૧/મ, તા.૧૪/૮/૧૯૯૮
3) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, તા.૨/૭/૨૦૦૭
4) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૧૬/યુઓ/૧૨૧/(૨૨)/પ.એ., તા.૦૧/૦૧/૨૦૧૯
5) મુખ્યસેવિકાના પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મંજૂર માટે મળેલ સમિતિની તા.૧૬/૦૭/૨૦૨૧ની કાર્યવાહી નોંધ.

//હુકમ//

વંચાણે લીધા (૧) થી (૪) પરના નાણા વિભાગના ઠરાવની જોગવાઈઓ અનુસાર નિયામકશ્રી (ICDS)ની કચેરી દ્વારા કરેલ દરખાસ્ત અનુસાર મુખ્યસેવિકાને મળવાપાત્ર પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન મુખ્યસેવિકાઓનું પ્રથમ ઉચ્ચતર પગાર મંજૂર કરવામાં આવે છે:

૨/- નીચે મુજબના ૧૧ તત્કાલીન મુખ્યસેવિકાઓએ નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ હોવાથી નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ના ઠરાવની અનુસૂચિ-૧ પ્રમાણે રૂ.૧૬૪૦-૨૯૦૦ (નાણા વિભાગના તા.૧૪/૦૮/૧૯૯૮ના ઠરાવની અનુસૂચિ-૧ પ્રમાણે રૂ.૫૦૦૦-૮૦૦૦) ના પગાર ધોરણમાં નવ વર્ષ પૂર્ણ કર્યેથી પાત્રતા તારીખ અનુસાર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવે છે:

| ક્રમ | મુખ્ય સેવિકા/ સીડીપીઓનું નામ | જિલ્લાનું નામ | મુળ નિમણૂકની તારીખ | LWP | પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતા તારીખ | કેટલી તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે? |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભાવનાબેન એમ. ચારોલા | મોરબી | 03/0૨/૧૯૯૨ | 0 | 03/0૨/૨00૧ | ત્રીજી તક |
| ૨ | જ્યોતિબેન એચ. ટંડેલ | વલસાડ | ૨૨/0૧/૧૯૯૨ | 0 | ૨૨/0૧/૨00૧ | ત્રીજી તક |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | કાશીબેન એસ. પટેલ | મહિસાગર | ૨૨/૦૩/૧૯૮૮ | 0 | ૨૨/૦૩/૧૯૯૭ | ત્રીજી તક |
| ૪ | રૂપલબેન એસ. મિસ્ત્રી | આણંદ | ૧૩/૦૨/૧૯૯૨ | 0 | ૧૩/૦૨/૨૦૦૧ | ત્રીજી તક |
| ૫ | રશ્મિબેન એમ. પટેલ | વલસાડ | ૨૩/૦૩/૧૯૮૮ | ૧૫૫ | ૨૫/૦૮/૧૯૯૭ | ચોથી તક (એસ.ટી) |
| ૬ | પાર્વતીબેન સી. ચૌધરી | વડોદરા (કોર્પો) | ૧૪/૦૨/૧૯૯૨ | 0 | ૧૪/૦૨/૨૦૦૧ | ચોથી તક (એસ.ટી.) |
| ૭ | અંતુબેન એફ. ગામીત | સુરત | ૩૧/૦૧/૧૯૯૨ | 0 | ૩૧/૦૧/૨૦૦૧ | ચોથી તક (એસ.ટી.) |
| ૮ | હર્ષાબેન એન. ઝાલાવાડીયા | જામનગર | ૨૫/૦૫/૧૯૮૮ | 0 | ૨૫/૦૫/૧૯૯૭ | ત્રીજી તક |
| ૯ | રમાબેન એમ. ડાભી | દેવભુમિ દ્વારકા | ૧૫/૦૩/૧૯૮૮ | 0 | ૧૫/૦૩/૧૯૯૭ | ચોથી તક (એસ.સી) |
| ૧૦ | ભદ્રાબેન જી. ભારતી | વલસાડ | ૧૯/૦૨/૧૯૮૭ | 0 | ૧૯/૦૨/૧૯૯૬ | બીજી તક |
| ૧૧ | ઉષાબેન સી. પટેલ | છોટા ઉદેપુર | ૨૦/૧૨/૧૯૮૬ | 0 | ૨૦/૧૨/૧૯૯૫ | પ્રથમ તક |

3/- નીચે મુજબના ૭ તત્કાલીન મુખ્યસેવિકાઓએ નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ ન હોવાથી નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ના ઠરાવની અનુસૂચિ-૧ પ્રમાણે રૂ.૧૬૪૦-૨૯૦૦ (નાણા વિભાગના તા.૦૧/૦૧/૨૦૧૯ના ઠરાવની અનુસૂચિ-૧ પ્રમાણે પે મેટ્રીક્સ લેવલ-૬, લઘુત્તમ પગાર રૂ.૩૫૪૦૦) ના પગાર ધોરણમાં ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખથી પ્રથમ ઉ.પ.ધો. મંજૂર કરવામાં આવે છે:

| ક્રમ | મુખ્ય સેવિકાનું નામ | જિલ્લાનું નામ | મુળ નિમણુંકની તારીખ | LWP | પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતા તારીખ | કેટલી તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે? | CCC+ પાસ કરેલ છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આશાબેન વી. પટેલ | વલસાડ | ૨૪/૦૩/૧૯૮૮ | ૧૯ | ૦૧/૦૩/૨૦૧૮ | છઠ્ઠી તક | હા |
| ૨ | લીલાબેન એચ. પટેલ | મહિસાગર | ૨૧/૧૨/૧૯૮૮ | 0 | 30/૧૧/૨૦૧૬ | ચોથી તક (જનરલ) | હા |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | ઉર્મિલાબહેન એન. પટેલીયા | મહીસાગર | ૨૧-૦૩-૧૯૮૮ | 0 | ૦૬/૦૫/૨૦૧૭ | પાંચમી તક | હા |
| ૪ | ઉર્મીલાબેન પી. મકવાણા | ગાંધીનગર | ૨૧/૦૫/૧૯૮૮ | 0 | ૦૧/૦૩/૨૦૧૮ | પાંચમી તક | હા |
| ૫ | ધનગૌરીબેન એન. ચૌધરી | સુરત | ૨૮/૦૫/૧૯૮૫ | 0 | ૦૬/૦૫/૨૦૧૭ | પાંચમી તક | હા |
| ૬ | હેમલતાબેન એન. પટેલ | નવસારી | ૨૭/૦૧/૧૯૯૨ | 0 | ૦૬/૦૫/૨૦૧૭ | ચોથી તક (જનરલ) | હા |
| ૭ | રમીલાબેન એસ. પટેલ | છોટા ઉદેપુર | ૨૨/૦૧/૧૯૯૨ | 0 | ૦૧/૦૩/૨૦૧૮ | છઠ્ઠી તક | હા |

૪/- નીચે મુજબના ૧ મુખ્યસેવિકાએ નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ ન હોવાથી એટલે કે છઠ્ઠી તકમાં પાસ કરેલ હોવાથી તેમજ CCC+ પરીક્ષા પાસ કરેલ ન હોવાથી નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ના ઠરાવની અનુસૂચિ-૧ પ્રમાણે રૂ.૧૬૪૦-૨૯૦૦ (નાણા વિભાગના તા.૦૧/૦૧/૨૦૧૯ના ઠરાવની અનુસૂચિ-૧ પ્રમાણે પે મેટ્રીક્સ લેવલ-૬, લઘુત્તમ પગાર રૂ.૩૫૪૦૦) ના પગાર ધોરણમાં એમના ૫૦ વર્ષે CCC+ પાસ કરવાની મુક્તિની તારીખથી પ્રથમ ઉ.પ.ધો. મંજૂર કરવામાં આવે છે:

| ક્રમ | મુખ્ય સેવિકાનું નામ | જિલ્લાનું નામ | મુળ નિમણુંકની તારીખ | LWP | પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતા તારીખ | કેટલી તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરેલ છે? | CCC+ પાસ કરેલ છે? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જાગૃતિબેન નટવરસિંહ ગોહીલ | સુરેન્દ્રનગર | ૦૫-૦૨-૧૯૯૨ | 0 | ૨૫/૦૭/૨૦૧૮ | છઠ્ઠી તક તા.૦૧/૦૩/૧૮ | મુક્તિ તા. ૨૫/૦૭/૨૦૧૮ |

૫/- ઉક્ત અધિકારી અધિકારી/કર્મચારીઓનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતો અનુસાર મંજુર કરવામાં આવે છે

1) પ્રથમ ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખથી નાણા વિભાગના તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦/- (નાણા વિભાગના તા.૧૪-૮-૧૯૯૮ ના ઠરાવની અનુસૂચિ-૧ મુજબ રૂ. ૫૦૦૦-૮૦૦૦/- તેમજ નાણા વિભાગના તા.૦૧/૦૧/૨૦૧૯ના ઠરાવની અનુસૂચિ-૧ પ્રમાણે પે મેટ્રીક્સ લેવલ-૬, લઘુત્તમ પગાર રૂ.૩૫૪૦૦) ના પગારધોરણમાં પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે.
2) ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.

3) નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે.

4) જે અધિકારી/કર્મચારીએ બિન પગારી રજાઓ ભોગવેલ હોય અને આ હુકમમાં એ રજાઓ બાદ કરેલ ન હોય એવા કિસ્સાઓમાં સંબંધિત કચેરીએ હુકમો કરતી વખતે ધ્યાને લઈને બિનપગારી રજાઓ પ્રથમ ઉ.પ.ધો.ની તારીખમાંથી બાદ કરવાની રહેશે. માત્ર બિનપગારી રજાઓની તારીખમાં વિસંગતાનું કારણ આપીને પ્રથમ ઉ.પ.ધો. આપવામાં બિનજરૂરી વિલંબ કરી શકાશે નહિ.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રીની ૩૦/૧૦/૨૦૨૧ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિ.
4. સબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.
5. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
6. સબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.
7. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ..................
8. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
9. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
10. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
11. સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.
12. સબંધિત અધિકારી/કર્મચારીઓ. (મારફત સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી)
13. શાખા સિલેક્ટ ફાઇલ.